હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



નકામી ટીવીમાં લાઈટ ન બાળો અત્યારે. ટીવીમાં 'પટેલ', 'પાટીલ' અને 'પાટલી' સીવાય કાંઈ નહીં આવે...!!!

ગાંધીનગરની બેઠકો પર રાજનીતિક ગતિવિધિઓ તેજ બની છે. ગરવી ગુજરાત પાર્ટીના ઉમેદવાર ધર્મેશ ઠાકોરે ગાંધીનગર ઉત્તર બેઠક માટે ઉમેદવારીપત્રક ભર્યું છે.

બોલો ! કલેક્ટર કચેરીમાં જ જોવા મળી ગંદકી

સરકારી ઓફિસોમાં કચરાના નિકાલ ની યોગ્ય વ્યવસ્થાના અભાવે ગંદકીના ઢગ સર્જાયા

ગાંધીનગર, તા.૧૫

જે કચેરી સમગ્ર જિલ્લાને સ્વચ્છતાનો સંદેશ આપે અને સમગ્ર જિલ્લાના અરજદારો પગથિયાં ચડતા હોય છે એવી જિલ્લા કલેક્ટર કચેરીનું જ સંકુલ ગંદકી કરે પછી કોને સલાહ આપી શકાય ? હા, આવા જ દૃશ્યો ગાંધીનગરની કલેક્ટર કચેરીના સંકુલમાં જોવા મળે છે. અહીં જિલ્લાના હજારો અરજદારો પોતાના પ્રશ્નોને લઈને આવે છે જે અસ્વચ્છતા જોઈ અને ખરાબ છાપ લઈને જતા હોવાની ચર્ચા કલેકટર કચેરીના સંકુલમાં જ સાંભળવા મળી હતી. અહીં તો મોટી-મોટી રેલીઓ યોજીને આવેદનપત્ર આપવા પણ લોકોનો સમૂહ આવે અને માહિતી અધિકાર તળે માહિતી માગવાવાળા પણ આવતા હોવાથી આવા જ એક જાગૃત અરજદારે આંગળી ચીંધીને બતાવ્યું કે સાહેબ જુઓ આ ગંદકી ! મુખ્ય કચેરીને ફરતે જોતા ઠેર-ઠેર ગંદકીના ઢગલાં પડયા હતા તો કયાંક ખાલી કોથળીઓ પણ જોવા મળી હતી. એક જાગૃત અરજદારે તો માહિતી

આપતાં કહ્યું કે કલેક્ટર કચેરીના સફાઈનો આખા વર્ષનો કોન્ટ્રાક્ટ આપવામાં આવેલો છે છતાં દરરોજ સફાઈ થતી નથી. વર્ષે લાખો રૂપિયા આ કચેરીમાં માત્ર સફાઈ પાછળ ખર્ચવામાં આવતા હોય તો પછી ગંદકી કેમ દૂર કરવામાં આવતી નથી તેવો સવાલ કરવામાં આવ્યો હતો.

ગાંધીનગરમાં આવેલી સરકારી ઓફિસો માં એક બાદ એક કચરાના દ્રશ્યો આવી રહ્યા છે.જેને જોતા સરકારી ઓફિસો માં રાખેલા સફાઈ કામદારો ની જવાબદારી ઉપર પણ પ્રશ્નો ઉભા થાય છે

આગાઉ પણ એક સરકારી ઓફિસ માં ગંદકી થી લથબથ પાર્કિંગ બેસમેન્ટ મળી આવ્યું હતું પરંતુ તાત્કાલિક ધોરણે તે સ્થળની સફાઈ કરવામાં આવી હતી પરંતુ જ્યાં સ્વચ્છતા જળવાઈ રહી નથી તેવી શહેરની કલેક્ટર ઓફિસમાં કચરાના ઢગલા અંગે લોકોમાં પણ ચર્ચાઓ ચાલી રહી છે.કે લ્યો બોલો અહીંયા જ કચરાના ઢગલા.

સ્વચ્છતા અભિયાન અંતર્ગત મહાનગર પાલિકા દ્વારા કચરાના નિકાલ માટે કચરો એકઠો કરવા માટે નિયમિત રીતે કામગીરીઓ સોંપાઈ છે તેમ છતાં શહેર માં મોટા પાયે ગંદકી નું રાજ વર્તાઈ રહ્યું છે.

સ્વચ્છતા સર્વેક્ષણ આગામી સમયમાં શરૂ થવા જઈ રહ્યું છે ત્યારે શહેરમાં સ્વચ્છતા જળવાઈ રહી નથી અને સ્વચ્છતાના પાઠ ભણાવતા સંકુલો પાસે જ કચરાના ઢગલા જોવા મળે છે.

શહેરમાં સ્વચ્છતા જળવાઈ રહી નથી તેની સામે જાગૃત નાગરિકો હાય હાય કરી રહ્યા છે કારણકે લોકો સ્વચ્છ વિસ્તારમાં હરવા ફરવા માંગે છે અને તેમને ગંદકીમાં અવર જવર કરવાનો વારો આવ્યો છે. નિયમિત રીતે સફાઈ ન થવાના કારણે કચરાના ઢગલા થઈ રહ્યા છે જેમાં હજી સુધી કોઈ જવાબદાર તંત્ર ની આંખ ખુલી નથી.

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાં એક રાષ્ટ્રીયકૃત બેંક દ્વારા ગોલ્ડ લોન સહિત વિવિધ લોન-ધિરાણ તેમજ ડિપોઝીટ્સ માટે રિક્ષા દ્વારા પ્રચાર અભિયાન બે દિવસથી ચાલી રહેલ છે.

● ગાંધીનગરમાં રાજકીય પક્ષ દ્વારા પણ રિક્ષામાં પ્રચાર અભિયાન આરંભાયુ છે.

● ગાંધીનગર શહેરમાં હીટવેવ યથાવત્ રહેવા પામ્યુ છે.

● કારતક મહિનામાં પણ શહેરમાં પેયજળના પુરવઠામાં ઘટાડો નથી નોંધાયો. હાલ શહેરમાં ૬૬ એમ.એલ.ડી. જથ્થો પુરો પાડવામાં આવી રહ્યો છે.

● ગાંધીનગર શહેરમાં અખાદ્ય ચીજોના વેપલા સામે ખોરાક ઔષધ નિયમન તંત્રની ઉદાસીનતાને લઈ લોકોમાં રોષ વ્યાપ્યો છે.

● ગાંધીનગર શહેરમાં વન વિભાગે ફેન્સીંગ કરેલા વિસ્તારોમાં નકામુ ઘાસ જે ઉગી નીકળ્યુ છે તેની સફાઈ ન થતાં શહેરનો નિખાર દેખાતો નથી.

● કર્મયોગી ભવનમાં ભોંયરાઓની સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી છે.

● વડાપ્રધાન મોદી ૧૯-૨૦ દ. ગુજરાત અને સૌરાષ્ટ્રના પ્રવાસે આવી રહ્યા છે.

● માણસાના ઈટાદરાની પ્રા. શાળામાં સ્થાયી ઊર્જા વિશે જાગૃત્તિ અર્થે સેમિનાર યોજાયો હતો.

● ગાંધીનગર શહેરમાં પૂર્વાંચલ મૈત્રી સમાજ દ્વારા સ્નેહમિલનનું આયોજન થયુ હતુ.

● આત્મ ફાઉન્ડેશન દ્વારા સે. ૨ ખાતે બાળ-દિનની ઉજવણી કરવામાં આવી હતી.

● સે. ૨૮ની શાળામાં શાકભાજી દિવસની અનોખી ઉજવણી કરાઈ હતી.

● દહેગામ ગ્રૂપ સેવા સહકારી મંડળીના ચેરમેન તરીકે વિજયભાઈ અમીનની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

ચિલોડા પ્રાથમિક શાળા ખાતે બાળદિન અંગે શિક્ષણ કાનૂની શિબિર યોજાઈ

ચિલોડા, તા. ૧૫

ગાંધીનગર તાલુકાના ચિલોડા પ્રાથમિક શાળામાં ધોરણ-૮ના ૫૫ વિદ્યાર્થીઓના વર્ગમાં ૧૪મી નવેમ્બર બાળદિન ઉજવણી નિમિત્તે કાનૂની શિક્ષણ શિબિરમાં પી.એલ.વી. નટુભાઈ પટેલ દ્વારા બંધારણમાં બાળકોના અધિકારો, બાળલગ્ન, બાળમજૂરીને લગતી કલમો, બાળકોને ફરજિયાત શિક્ષણની જોગવાઈઓ, ૧૪ વર્ષના બાળકોને જોખમી કામે ન રાખી શકાય તેવી કલમો સહિત માહિતી પુરી પાડી હતી. વિવિધ વ્યવસાયિક સંસ્થાઓમાં નિરાધાર બાળકો, ભીખ માંગતા બાળકો, શિક્ષણથી વંચિત બાળકો અને તેમની સાર-સંભાળ અંગે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. ભારતના પ્રથમ પ્રધાનમંત્રીના જન્મદિવસને બાળદિન તરીકે મનાવવામાં આવે છે તેની ટૂંકમાં માહિતી આપી હતી. આ શિબિરમાં શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલ, શિક્ષક રંકિત પટેલ હાજર રહ્યા હતા.

ચરાડા ખાતે અર્બુદા સેના દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકના ચરાડા ગામે આજે સવારે અર્બુદા સેનાના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ વિપુલ ચૌધરીના પિતાજી અને દુધ સાગર ડેરીના સ્થાપક સ્વ.માનસિંહભાઈ પૃથ્વીરાજભાઈ પટેલની જન્મ જયંતિ પ્રસંગે ચૌધરી સમાજનું સ્નેહમિલન અને સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં રાજયના બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, મહિસાગર, અરવલ્લી અને ગાંધીનગર જિલ્લા સહિતના ગામ્ય વિસ્તારમાંથી અર્બુદા સેનાના કાર્યકરો તેમજ સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

સમાજ વધુ મજબુત થાય અને સામાજીક, આર્થિક અને રાજકીય ક્ષેત્રે આગળ આવે તેવા ઉમદા હેતુ સાથે ચરાડા ગામના સ્વ.માનસિંહ પૃથ્વીરાજભાઈ પટેલ સ્ટેડીયમ ખાતે આજે સવારે સાધારણ સભા અને સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતા મહેસાણા અર્બુદા સેનાના પ્રમુખ મોઘજીભાઈ ચૌધરી કહ્યું હતું કે આ સાધારણ સભામાં સમાજના વિકાસ અને તેના ઉત્થાન અંગે ચર્ચા તેજમ સમાજના વિવિધ ઠરાવો રજુ કરી તેની બહાલી આપવામાં આવી હતી.સ્વ.માનસિંહભાઈએ ચૌધરી સમાજને ઉજળો કર્યો છે. તેઓ ઉતર ગુજરાતનું ભાગ્ય બદલ્યું છે. તેથી તો અહીના પશુપાલકોના ભાગ્યવિધાતા છે. સમાજના સંમેલનમાં રાજકીય કામગીરી વિપુલભાઈ ચૌધરી કહેશે એ પ્રમાણે કરવામાં આવશે. સમાજ વિપુલભાઈની સાથે છે અને સાથે રહેશે. સમાજ એક બને નેક બનેઅને સંગઠીત બને એ માટે વિપુલભાઈ ચૌધરી દ્વારા છેલ્લા એક વર્ષથી અર્બુદા સેનાની રચના કરવામાં આવી છે.

વલાદ ચાંમુડા માતાજી મંદિરમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો : બે ઝડપાયા

ગાંધીનગર, તા.૧૫

ડભોડા પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે પોલીસને બાતમી મળી હતી કે વલાદ ગામ ખાતે ચામુંડા માતાજી મંદિરમાંથી ચાંદીના દાગીના તેમજ ચાંદીના પારણાની ચોરી કરનાર શખ્સો લીમ્બડીયા કેનાલ હાઈ વે રોડ ઉપરથી પસાર થવાના છે. જેથી લીંમ્બડીયા કેનાલ પાસે પોલીસ જવાનો વોચમાં ઉભા હતા.તે સમયે બાતમીવાળા બે શખ્સો મોટર સાયકલ ઉપર આવતા તેઓને કોર્ડન કરી પકડી પાડ્યા હતા. પોલીસે તેમના નામ સરનામા પુછતા મનોજકુમાર ભારતસિંહ રાઠોડ(રહે.રવદાવત ગામ પોલીસ ચોકી પાછળ કઠલાલ) અને પ્રવિણસિંહ દિલિપસિંહ સોલંકી (રહે અપ્રુજી ગામ ખોડીયાર માતાજીનો વાસ તા.કઠલાલ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે બંન્ને આરોપીઓની અંગજડતી કરતા તેમની પાસે રહેલા બાઈક પર કાળા કલરનો થેલો ભરાવેલો હતો. તે થેલો ચેક કરતા તેમાંથી ચાંદીના છત્તર તેમજ ચાંદીના પારણાના દાગીના મળી આવ્યા હતા. ચાંદીના દાગીના અંગે પુછતા તેઓએ વલાદ ગામ ખાતે આવેલા ચામુંડા માતાજી મંદિરમાંથી ચોરી કરી હોવાની હકીકત જણાવી હતી. જેથી ડભોડા પોલીસે વલાદ ગામે ચાંમુડા માતાજી મંદિરમાં થયેલી ચોરીના ગુનાનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી નાંખ્યો છે.

રોટરી ક્લબ ઓફ કેપીટલ, ગાંધીનગર દ્વારા રમકડાં વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યકરોએ સેક્ટર-૨૪ની આંગણવાડી ખાતે જઈ બાળકોને વિવિધ પ્રકારના રમકડાં વિતરીત કર્યા હતા.

ચિલોડા ખાતે રોટરી ક્લબ ગાંધીનગર દ્વારા ડાયાબિટિસ ચેક-અપ કેમ્પનું આયોજન કરાયુ

ચિલોડા, તા. ૧૫

ચિલોડા ખાતે ગાંધીનગર રોટરી ક્લબ દ્વારા તા. ૧૪ નવેમ્બરના રોજ વિશ્વ મધુપ્રમેહ દિનની ઉજવણી નિમિત્તે ઉમા પેથોલોજી લેબોરેટરી ચિલોડા સર્કલ ખાતે બસસ્ટેન્ડની બાજુમાં નિઃશુલ્ક ડાયાબિટિસ ચેકઅપનું આયોજન બપોરે ૧૨ થી ૪ દરમ્યાન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડૉ. સંજયભાઈ પટેલે વિશિષ્ટ સેવા આપી હતી. તેમજ ડાયાબીટીસ નિયંત્રણ અને સંભાળ વિષય પર જાણીતા ડાયાબિટોલોજીસ્ટ ડૉ. મૌલિતા કાપડિયાનું ઓનલાઈન વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ક્લબના પ્રમુખ ડૉ. જગદીશભાઈ પટેલ અને સેક્રેટરી ડૉ. પારસ ઉચાટે કેમ્પનું સફળ આયોજન કરવા બદલ સેવાઓને બિરદાવી હતી. આ કેમ્પમાં ચિલોડા આસપાસના ડાયાબિટીસના ૧૦૨ દર્દીઓએ લાભ લીધો હતો. આ પ્રસંગે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના પી.એલ.વી. નટુભાઈ પટેલ પત્રકાર હાજર રહ્યા હતા.

મુલાકાતીઓ અને મંત્રીઓ વિના સ્વર્ણિમ સંકુલ સુનુ-સુનુ

ચૂંટણી પહેલાં સતત ધમધમતુ રહેતુ સ્વર્ણિમ સંકુલ જાણે સાવ સુનુ બની ગયુ છે. મંત્રીઓ વિના સ્વર્ણિમ સંકુલમાં હવે કોઈ મુલાકાતીઓ પણ આવતા નથી. જેના કારણે સ્વર્ણિમ સંકુલ ભેંકાર ભાસે છે. મંત્રીઓનો સ્ટાફ મોટાભાગે કોન્ટ્રાક્ટવાળો હોઈ તેઓ પણ અહીંથી જાણે ગાયબ થઈ ગયા છે. સચિવાલયના કેટલાક કર્મચારીઓ ચૂંટણીઓમાં વ્યસ્ત બન્યા છે. તો કેટલાક નિષ્ક્રિય બની નવી સરકારની રચના થવાની રાહ જોઈ રહ્યા છે. તમામ રાજકીય અને વહીવટી ગતિવિધિઓના કેન્દ્ર સમાન વિધાનસભા અને સચિવાલય સંકુલ હાલ સુમસામ ભાસી રહ્યા છે. ચૂંટણી જાહેર થઈ તે પહેલા વિધાનસભા, સ્વર્ણિમ સંકુલ અને સચિવાલય સંકુલ મુલાકાતીઓથી ધમધમતુ રહ્યુ હતુ. છેલ્લા છ-આઠ મહિનાથી અહીં મુલાકાતીઓના ધાડેધાડા ઉમટી રહ્યા હતા. પોતાની માંગણીઓ અને રજૂઆતો લઈને જિલ્લા મથકોએથી આવતા નાગરિકોએ સ્વર્ણિમ સંકુલને ધમધમતુ કરી દીધુ હતુ. ચૂંટણી નજીક હોઈ મંત્રીઓએ પણ પોતપોતાના વિસ્તારના પેન્ડીંગ કાર્યો પૂર્ણ કરવા તરફ અને રજૂઆતોનો ઉકેલ લાવવા તનતોડ પ્રયાસો કર્યા હતા જેના કારણે મુલાકાતીઓની સંખ્યા વધી હતી.

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતદાર વિભાગના

૧૩૫૦ મતદાન મથકો માટે ૧૫૫ ઝોનલ રૂટ નક્કી કરાયા

જિલ્લાના મતદાર વિભાગના ઝોનલ રૂટની બસો જીપીએસથી સજ્જ

ગાંધીનગર, તા. ૧૫

લોકશાહીના મહાપર્વ સમાન વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતવિસ્તાર માટે આગામી તા. ૫/૧૨/૨૦૨૨ના રોજ મતદાન યોજાશે. જેમાં જિલ્લાના કુલ ૧૩,૨૫,૬૦૪ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. આ સમગ્ર મતદાન પ્રક્રિયા પારદર્શક રીતે પૂર્ણ થાય તે માટે જિલ્લાની પાંચ બેઠકો પર કુલ ૧૫૫ ઝોનલ રૂટ નક્કી કરી તેમના માટે ઝોનલ ઓફિસરની નિમણૂક કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો પર આદર્શ અને ન્યાયપૂર્ણ વાતાવરણમાં મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુશ્રી પ્રવિણા ડી.કે.ના માર્ગદર્શન હેઠળ તમામ બેઠકોના ચૂંટણી અધિકારીઓ દ્વારા સુચારું આયોજન કરવામાં આવ્યું છે. મતદાનની તમામ પ્રક્રિયાઓ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે દહેગામ, ગાંધીનગર(ઉ), ગાંધીનગર(દ), માણસા અને કલોલ બેઠકોના ચૂંટણી અધિકારીઓ દ્વારા પોતાના મતવિસ્તારના મતદાન મથકો અનુસાર રૂટ નક્કી કરવામાં આવ્યા છે.

આ માટે ગાંધીનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિભાગની બેઠકો પર કુલ ૧૩૫૦ મતદાન મથકો પર મતદાન પ્રક્રિયા યોજાશે.

જેમાં દહેગામમાં ૨૫૫, ગાંધીનગર(દ)માં ૩૫૧, ગાંધીનગર(ઉ)માં ૨૪૨, માણસામાં ૨૬૫ અને કલોલમાં ૨૩૭ મતદાન મથકોનો સમાવેશ થાય છે.

શહેરના સેકટર-૫/સી ખાતે યુવકે ગળેફાંસો ખાઈ જીવનલીલા સંકેલી

ગાંધીનગર, તા.૧૫

શહેરના સેકટર-૫ ખાતે રહેતા નિવૃત પોલીસ અધિકારીના ૩૨ વર્ષિય દિકરાએ રૂમમાં દુપટ્ટા વડે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવન લીલા સંકેલી લેતા ચકચાર મચી જવા પામી હતી. દિકરાના અવસાનથી પરિવારમાં માતમ છવાયો હતો. બનાવ અંગે સેકટર-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૫ સી પ્લોટ નં.૯૧૩-૧ ખાતે રહેતા નિવૃત પોલીસ અધિકારી વનરાજસિંહ લક્ષ્મણસિંહ ચાવડાના ૩૨ વર્ષિય દિકરા મહિપતસિંહે આજે વહેલી સવારના કોઈપણ સમયે પોતાના રૂમમાં દુપટ્ટા વડે ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવી દીધુ હતું. દિકરાના અચાનક અવસાનથી પરિવાર પર આભ તુટી પડ્યું છે. નિવૃત પીઆઈ વનરાજસિંહ ચાવડા રંગપુર ગામના છે. જયારે તેમના દિકરા મહિપતસિંહના લગ્ન ફાલ્ગુની બેન સાથે થયા હતા અને આ લગ્ન જીવનથી એક દિકરી પણ છે. ગઈકાલે રાત્રે વનરાજસિંહ નીચેના માળે સુઈ ગયા હતા.જયારે મહિપતસિંહ ઉપરના માળે પોતાના રૂમમાં સુઈ ગયો હતો. જયારે મહિપતસિંહના પત્ની દિકરીને લઈ લગ્ન પ્રસંગે બહારગામ ગયા છે. નિત્યકમ પ્રમાણે મહિપતસિંહ નીચે નહી આવતા તેનો રૂમ ખખડાવ્યો હતો. પરંતુ અંદરથી કોઈ જવાબ મળી રહ્યો ન હતો.જેથી અજુગતુ બન્યું હોવાનો અંદાજ આવી ગયો હતો. દરવાજો તોડવામાં આવતા અંદરનું દ્રશ્ય જોઈ વનરાજસિંહ ડઘાઈ ગયા હતા. મહિપતસિંહને દુપટ્ટા વડે ગળેફાંસો ખાધેલી હાલતમાં જોતા પરિવારના સભ્યો ફસડાઈ પડ્યા હતા. બનાવની જાણ થતા પાડોશી પણ દોડી આવ્યા હતા.જયારે બનાવની જાણ થતા પોલીસ પણ આવી પહોચી હતી. મૃતકના મૃતદેહનું પંચનામુ કરી સિવિલ ખાતે પીએમ અર્થે લઈ ગયા હતા.

જયારે નિવૃત પીઆઈ વનરાજસિંહ ચાવડાએ ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતા હતા. જયારે સુત્રો દ્વારા મળતી વિગત મુજબ તેમના મોટા દિકરાનું પણ અકાળે અવસાન થયુ હતું. જયારે મૃતક મહિપતસિંહ જમીન દલાલીના વેપાર સાથે સંકળાયેલા હતા. જયારે પોલીસ તપાસ બાદ આપઘાતનું સાચુ કારણ જાણવા મળશે.

સેકટર-૨૬ નીલકંઠ રીઅલ એસ્ટેટના માલિક પર બે શખ્સોએ હુમલો કર્યો

ગાંધીનગર, તા.૧૫

શહેરના સેકટર-૨૬ ગ્રીનસીટી ખાતે દેવ કોમ્પ્લેક્ષમાં આવેલી નીલકંઠ રીયલ એસ્ટેટની દુકાનમાં ઘુસી જઈ બે શખ્સોએ ભરબપોરે આંતક મચાવ્યો હતો. રીયલ એસ્ટેટના વેપાર સાથે સંકળાયેલા રાહુલ દેસાઈ પર લોખંડની પાઈપ અને બેઝબોલના ધોકા વડે હુમલો કરતા હાથે પગે તેમજ શરીરે ઈજાઓ પહોંચી છે. જયારે રાહુલ પંડયા નામના શખ્સે ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપતા સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

શહેરના સેકટર-૬ સી પ્લોટ નં.૮૧૮-૧ ખાતે રાહુલકુમાર જગદીશચંદ્ર દેસાઈ પરિવાર સાથે રહે છે અને રીઅલ એસ્ટેટનું કામ કરે છે. જયારે રાહુલ દેસાઈની સેકટર-૨૬ ગ્રીનસીટી ખાતે દેવ કોમ્પલેક્ષમાં નીલકંઠ રીઅલ એસ્ટેટ નામની મકાન લે વેચની ઓફિસ આવેલી છે. ગઈકાલે બપોરના સમયે સેકટર-૨૬ નીલકંઠ રીઅલ એસ્ટેટ ખાતે બપોરના સમયે રાહુલ દેસાઈ, પોતાના પાર્ટનર ભરત સોમાભાઈ ચૌધરી, મિત્ર સરફરાજ હુસેનભાઈ અજમેરી તેમજ ઓફિસમાં કામ કરતો યુવક સહિતના બેઠા હતા.તે સમયે અચાનક અગાઉ ઓફિસ ખાતે મકાન લે-વેચ માટે મળેલા મિતેશ આત્મારામ દેસાઈ (રહે નારાયણ નગર વાવોલ) તેમજ એક અજાણ્યો શખ્સ બંને જણા ઓફિસમાં ઘુસી આવ્યા હતા. મિતેશ દેસાઈએ પાઈપ અને અજાણ્યા શખ્સે બેઝબોલના ધોકા વડે રાહુલ દેસાઈ પર હુમલો કર્યો હતો. બંને જણા માર મારતા ઓફિસમાં બેઠેલા અન્ય વ્યકિતઓ વચ્ચે પડતા તેઓ જતા જતા કહેતા ગયા હતા કે આજે તુ બીજી વખત મળીશ તો જાનથી મારી નાંખીશ તેમ કહી જતા રહ્યા હતા. જયારે ઓફિસની બહાર નીકળીને રાહુલે જોયુ તો મિતેશે ચપ્પા જેવુ હથીયાર બહાર કાઢી બતાવ્યું હતું. ત્યારબાદ બંન્ને જણા એકટીવા પર બેસી રવાના થઈ ગયા હતા.જયારે ઓફિસ બહાર કાળા કલરની ગાડીમાંથી રાહુલ પંડ્યા નામનો શખ્સ નીચે ઉતરીને ગાળો બોલીને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી.

મિતેશ દેસાઈ તેમજ અન્ય શખ્સો લોખંડની પાઈપ અને બેઝબોલના ધોકા વડે માર મારતા રાહુલ દેસાઈને ઢીંચણ તેમજ શરીરે ઈજાઓ પહોંચતા ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ છે. જયારે રાહુલ દેસાઈને જમણા હાથના ખભે ફ્રેકચર હોવાનું નિદાન થયુ છે. જયારે ઈજાગ્રસ્તને ૧૦૮ માં સારવાર માટે લઈ ગયા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.